ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૨૮.૪ ડીગ્રી
લઘુતમ : ૧૦.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૨ ટકા

# આજે શહેરમાં નાતાલનું પર્વ આનંદપૂર્વક ઉજવાશે

## સવારે શહેરના ચર્ચોમાં પ્રાર્થના તથા ઈશુ ખ્રિસ્તના સંદેશને પ્રસરાવાશે : ખ્રિસ્તી સમુદાય એકબીજાને 'મેરી ક્રિસમસ' કહી શુભેચ્છા પાઠવશે : દુકાનો-શો રૂમો પર સજાવટ સાથે ડીજેના તાલે સાંતાકલોઝ આકર્ષણનું કેન્દ્ર બનશે





ગાંધીનગર, તા.૨૪

આવતીકાલે તા. ૨૫મી ડિસેમ્બરે શહેરમાં પ્રભુ ઈશુ ખ્રિસ્તના જન્મનું પર્વ 'નાતાલ' ઉત્સાહભેર ઉજવાશે. શહેરના ચર્ચોમાં સવારે ૯ કલાકે 'ચર્ચ સર્વિસ' યોજાશે. જેમાં પાદરી દ્વારા ઈશુ ખ્રિસ્તનો સંદેશ આપવામાં આવશે. આ સાથે ઈશુ ખ્રિસ્તના જન્મની વધામણીના ગીતો ગવાશે. શહેરમાં ઠેર ઠેર નાતાલના પર્વ નિમિત્તે સાંતાકલોઝની વેશભૂષામાં બાળકોને આનંદ કરાવતા, ચોકલેટસ-ગીફટસ વગેરે વહેંચતા હોય તેવા દ્રશ્યો જોવા મળશે જે માટે શહેરના કોમર્શિયલ વિસ્તારોમાં અનેક શૉ-રૂમ ધારકો દ્વારા આયોજનો કરાયા છે.

ગાંધીનગરના ખ્રિસ્તી સમુદાય દ્વારા છેલ્લા કેટલાક દિવસથી નાતાલની ઉજવણી આરંભી દેવાઈ છે. આ ઉજવણી અંતર્ગત કેન્ડલ લાઈટ પ્રોસેશન તથા ગાયન-ટોલી જેવા કાર્યક્રમો ઉપરાંત પ્રેયર્સ વગેરે યોજાઈ રહ્યા છે. શહેરના ખ્રિસ્તી શ્રધ્ધાળુઓએ પોતાના ઘરોને રોશનીથી શણગાર્યા છે. આવતીકાલે પ્રભુ ઈશુ ખ્રિસ્તનો જન્મનો તહેવાર નાતાલ ઉજવાશે જે માટે ચર્ચ પરિસરમાં ગભાણના દ્રશ્યો ખડાં કરવામાં આવ્યા છે. શહેરના સે-૨૩ ખાતે મેથોડિસ્ટ ચર્ચ, સે-૨૦ ખાતેના સીએનઆઈ ચર્ચ, સે-૨૧ ખાતેના ચર્ચ, સે-૮ના રોમન કેથોલિક ચર્ચ તથા સે-૩માં ચર્ચ વગેરે ખાતે નાતાલ નિમિત્તે સવારે ઈશુ ખ્રિસ્તનો સંદેશ પાઠવવાનું આયોજન કરાયુ છે. શહેરના કેટલાક ચર્ચોમાં તા.૨૪ની રાત્રે સંગીત સાથે ગરબા અને ભક્તિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે જયારે સે-૨૩માં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. સે-૮ના ચર્ચમાં રાત્રે ૧૨ કલાકે 'માસ' એટલે કે ખ્રિસ્તી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે શહેરનો ખ્રિસ્તી સમુદાય આવતીકાલે ઈશુ ખ્રિસ્તના જન્મ નિમિત્તે 'મેરી ક્રિસમસ' કહી એકબીજાને શુભેચ્છા પાઠવશે. આ સાથે ખ્રિસ્તી શ્રધ્ધાળુઓ પોતાના ઘરે મિષ્ઠાન-પકવાન વગેરે રાંધીને ખાશે તેમજ નવા વસ્ત્રો ધારણ કરી આનંદ મનાવશે.

શહેરમાં વિવિધ સેકટરોમાં સ્થિત શોપીંગ સેન્ટરોમાં અનેક શૉ-રૂમ ધારકો દ્વારા નાતાલ નિમિત્તે રોશની તથા ઝાકમઝોળ ભરી સજાવટ કરવામાં આવી છે અને આ સાથે લાઈવ સંગીત અથવા ડીજે સંગીતના આયોજન કરાયા છે. શહેરમાં દિવસ દરમિયાન તથા રાત્રિના સમયે અહીં સંગીતની સુરાવલીઓ સાથે વિવિધ ઈનામી ગ્રાહકોને આકર્ષવાનો પ્રયાસ કરાશે. આ સાથે સાંતાકલોઝની વેષભૂષામાં કલાકારો બાળકો સહિત મોટેરાંઓને પણ ચોકલેટ-ઈનામો વગેરેની ભેટ આપી આનંદ કરાવશે. આમ શહેરમાં નાતાલનું પર્વ આનંદ ઉત્સાહથી ઉજવાશે.

# ગાંધીનગર ખાતે ઉત્તરાયણના તહેવાર દરમિયાન પતંગ વેપાર માટેની હંગામી મંજુરી મેળવવા જોગ

ગાંધીનગર, તા.૨૪

ઉત્તરાયણ- ૨૦૧૯ના તહેવારોને અનુલક્ષીને ગાંધીનગર શહેરી વિસ્તારમાં પતંગ વિતરણની કાર્યવાહી કરવા હંગામી મંજુરી મેળવવા માટેનું ફોર્મ તા. ૨૪/૧૨/૨૦૧૮ થી ૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન કામકાજના ચાલુ દિવસોએ રજીસ્ટ્રી શાખા, કલેકટર કચેરી, ગાંધીનગરમાં કચેરી સમય દરમ્યાન રજૂ કરવાની રહેશે. આ ફોર્મ જરૂરી વિગતો સાથે ભરીને તા. ૩૧/૧૨/૨૦૧૮ના ૪.૦૦ કલાક સુધીમાં જમા કરાવવાનું રહેશે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં પતંગ વિતરણની કાર્યવાહી કરવા હંગામી પરવાની અરજી ઉપર રૂા. ૩/-ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાડવાની રહેશે. જરૂરી ફી સદર હેડ ૦૦૭૦, ઓ.એ.એસ.સી સદરે જનસેવા કેન્દ્રમાંથી મંજુર કરાવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા બેંક ઓફ બરોડામાં ચલણથી જમા કરાવીને એક નકલ અરજી ફોર્મ સાથે બીડવાની રહેશે. ખુલ્લા પ્લોટ માટે ભાડાની રકમ ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના વિભાગ- ૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગર પાલિકાની કચેરી પૈકી જે કચેરીમાં ભાડુ વસુલ લેવામાં આવતુ હોય તે કચેરીમાં જમા કરાવી ભાડાની પહોંચ અરજી પત્રક સાથે બીડવાની રહેશે. ગાંધીનગર શહેરમાં સરકારી ખુલ્લા પ્લોટ સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા અધિક્ષક ઈજનેરશ્રી, ગાંધીનગર તરફથી નિયત કરવા આવે તે સેકટર માટે જ હંગામી મંજૂરી આપવાના છે. જેથી આ અંગેની વિગતો જાણી જે તે સેકટર પુરતી જ પ્લોટ મેળવવા માટે પસંદગી પ્રમાણે અરજી કરવાની રહેશે. જે પ્લોટ ફળવાશે તેમાં જ ધંધો કરવાનો રહેશે. જેથી પ્લોટનું ભરેલ ભાડું રીફંડ મળશે નહિ. પ્લોટ ઉપર સ્ટોલની વ્યવસ્થા, લાઈટની વ્યવસ્થા, ફાયર સેફટી સાધનોની વ્યવસ્થા અરજદારે જાતે કરવાની રહેશે. મંજૂરીની શરતો પ્રમાણે આગ-અકસ્માત માટેની સાવચેતી પગલા માંગણીદારે લેવાના રહેશે. આમ છતાં કોઈ દુર્ઘટના બનશે તો તેની જવાબદારી અરજદારની રહેશે. જરૂર જણાયે મંજુરી માટેની અરજી કરનારે વિમો લેવાનો રહેશે. અરજદારે ધંધો જાતે જ કરવાનો રહેશે. અન્ય વ્યક્તિને ધંધો કરવા અધિકૃત કરી શકાશે નહિં કે અન્યને વાપરવા આપી શકશે નહિ. અરજદારે કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી તેવું પ્રમાણપત્ર તેના રહેણાંકના નજીકના પોલીસ સ્ટેશનમાંથી મેળવી અરજીપત્રક સાથે રજૂ કરવાનું રહેશે. સંબંધિત ફાયર ઓફિસરશ્રીનો અભિપ્રાય પણ અરજીપત્રક સાથે રજુ કરવાનો રહેશે, તેવું મામલતદારશ્રી (જ.ફા) શ્રી એસ.આર.રાવલે જણાવ્યું છે.

કુડાસણની સ્કૂલ ઓફ એચિવરમાં 'હોમ અવે ફ્રોમ હોમ' કાર્યક્રમ અંતર્ગત બાળકોએ શાળા કેમ્પસમાં રાત વીતાવી હતી. આ કાર્યક્રમમાં બાળકો શાળા સંકુલમાં તૈયાર કરાયેલા તંબુઓમાં રહ્યા હતા અને વવિધ વાનગીઓનો આનંદ માણ્યો હતો. આ સાથે રાત્રિના સમયે 'બોન ફાયર' યોજાયું હતું. જેના સાંનિધ્યમાં ગીત-સંગીત-નૃત્ય અભિનય તથા રમતો યોજવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં અંદાજે ૬૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો જેમની સંભાળ શાળાના શિક્ષકગણે કરી હતી.




# વાવોલમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન તથા ગાંધીનગર અર્બન કો.ઓ.બેંકના સંયુકત ઉપક્રમે ગત્ તા. ૨૩ ડિસેમ્બરને રવિવારના રોજ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન રાધેશ્યામ પાર્ટી પ્લોટ ખાતે પાટીદાર સમાજના સ્નેહમિલન સમારોહ પ્રસંગે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. જેમાં રકતદાતાઓએ ઉત્સાહભેર રકતદાન કરતા ૨૧ યુનિટ રકત એકત્ર થયુ હતું.

ઈન્ડીયન મેડીકલ એસોસિએશન માણસા ટ્રસ્ટ સંચાલિત વાલન્ટરી બ્લડ બેંક ના ડોકટર તથા તેમની ટીમના સભ્યોએ હાજર રહી માણસા તાલુકાના આસપાસના વિસ્તારના દર્દીઓના લાભાર્થે ૨૧ યુનિટ રકત એકત્ર કર્યુ હતું. આ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા માટે જાયન્ટસ ગ્રુપના ફેડરેશન ૩ સીના ડાયરેકટર બી એમ પટેલ સહિત હોદેદારો હાજર રહ્યા હતા. જયારે નાના ૧૨ સમાજના હોદેદારોએ પણ ખુબ સહકાર આપી સુંદર આયોજન કર્યું હતું. માણસા બ્લડ બેંક તેમજ અર્બન બેંક દ્વારા બ્લડ ડોનરને ભેટ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ બ્લડ કેમ્પને સફળ બનાવવા માટે સૌ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સે-૫ વસાહત મંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૫ વસાહત મહામંડળની બેઠક તાજેતરમાં સેકટર-૫ ના બગીચા ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં વસાહત મંડળના હોદેદારો, કારોબારી સભ્યો અને વસાહતીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ બેઠકમાં સેકટર-૫ ના પડતર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.



ગાંધીનગર શહેરના સેકટર-૫ વસાહત મહામંડળની બેઠક ગત તા. ૨૩ ડિસેમ્બરને રવિવારના રોજ બપોરે ૪ કલાકે સે-૫ ના બગીચા ખાતે વસાહત મંડળના પ્રમુખ કેસરીસિંહ બિહોલાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં સેકટર-૫ ના પ્રશ્નોમાં સરકારી દવાખાનું શરુ કરવું, જાહેર બગીચામાં અપૂરતી સુવિધાઓ, સેકટરની બંધ સ્ટ્રીટ લાઈટ, વધતી જતી ઝુંપડપટ્ટી અને દબાણો, પાણીની ટાંકીની સાફ સફાઈ, દિન પ્રતિદિન વધતી ચોરીઓ, જાહેર રીંગ રોડ પર થયેલા દબાણો, તેમજ સે-૫ માં ગેરકાયદેસર રીતે ચાલતી હોસ્ટેલ અને ટયુશન કલાસીસ સહિત શાળાઓ બંધ કરવી, સહિતના પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરાઈ હતી અને વસાહત મંડળના પ્રમુખે આ પ્રશ્નો અંગે આગામી સમયમાં સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવશે તેની ખાત્રી આપી હતી. ઉપરાંત આગામી ૨૬ મી જાન્યુઆરીના દિવસે સેકટરના ૭૫ વર્ષીય વડીલોનું શાલ ઓઢાડી સન્માન કરવું અને બાળકોને પ્રોત્સાહિત કરવા માટે રમત-ગમતનું આયોજન કરવામાં આવે તે દિશામાં પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, મહામંત્રી નરેશભાઈ પરમાર, વાસુદેવ મિસ્ત્રી, ઘનશ્યામસિંહ ગોલ, હેમાંશુ ભટ્ટ સહિત વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા.






## ડિવાઈન જૂનિયર પ્રિસ્કૂલમાં યોજાયો ક્રિસમસ કાર્નિવલ

શહેરની સે-૬ની ડિવાઈન જૂનિયર પ્રિસ્કૂલમાં નાતાલના પર્વ નિમિત્તે ક્રિસમસ કાર્નિવલનું આયોજન કરાયું હતું. જેમાં બધા બાળકોએ હોંશે હોંશે ભાગ લીધો હતો. બાળકોએ સાન્તાકલોઝનો પહેરવેશ ધારણ કર્યો હતો. ફાધર જોસેફ માન ચૌધરી અને મધર મેરી વીરા આચાર્ય બન્યા હતા. યોગિતા ઉપાધ્યાય ડિવાઈન જૂનિયર સ્ટાફ તરફથી સાન્તા કલોઝ બન્યા હતા. ડિવાઈન જૂનિયરના સ્થાપક ગિરા ચૌધરી તથા સમગ્ર જૂનિયરના સ્ટાફ મેમ્બર્સે અથાગ પરિશ્રમ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પૂ. મહંત સ્વામી નખશીખ આધ્યાત્મિક પુરુષ : આનંદસ્વરૂપદાસ સ્વામી


## અક્ષરધામ 'આર્ષ' પ્રવચનમાળા અંતર્ગત ૮૬મું પ્રવચન પૂ. મહંત સ્વામી વિશે યોજાયું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના અક્ષરધામ ખાતે છેલ્લા ૨૧ વર્ષથી 'આર્ષ' પ્રવચન માળા ચલાવાઈ રહી છે જે અંતર્ગત બીએપીએસના વડા મહંત સ્વામી મહારાજ વિષયે ૮૬મું પ્રવચન યોજાયુ હતું. 'પ્રગટ બ્રહ્મ સ્વરૂપ મહંત સ્વામી મહારાજ' શિર્ષક અન્વયે યોજાયેલા આ પ્રવચનમાં અક્ષરધામના પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામીએ વકતવ્ય પ્રસ્તુત કરતા કહ્યું હતું કે 'મહંત સ્વામી મહારાજ નખશીખ આધ્યાત્મિક પુરુષ છે.' આ પ્રવચનમાં અંદાજે ૨ હજાર શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

'આદમ કો ખુદા મત કહો, આદમ ખુદા નાહીં. લેકિન ખુદા કે નૂર સે આદમ જૂદા નાહી.' સંતમાં ભગવાન અખંડ રહ્યા છે જબલપુરમાં તેમનો જન્મ ૧૩/૦૯/૧૯૩૩ના રોજ થયો હતો. તેઓએ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરેલો. સ્કુલમાં રમતગમતમાં હોશિયાર હતા. ફૂટબોલના ખેલાડી હતા. કલાની સૂઝ પણ સારી હતી. તેમની સ્કુલના પ્રિન્સીપાલ રોબીન્સનએ વાત કરેલી કે ''તે ભવિષ્યમાં ધર્મગુરૂ થશે.'' જયારે આણંદમાં તેમનું સ્થળાંતર થયું. ત્યારે યોગીજી મહારાજ સાથે પ્રથમ મુલાકાત થયેલી. તેમનું બાળપણનું નામ વિનુભાઈ હતું શાસ્ત્રીજી મહારાજે તેમને કંઠી પહેરાવી કેશવ નામ ધારણ કરાવ્યું હતું.

યોગીજી મહારાજના ક્ષમાશીલ ગુણ મહંતસ્વામી મહારાજમાં પણ આવેલ છે. તેમની પ્રકૃતિ શરમાળ હતી. તેમના મનમાં યોગીજી મહારાજ ક્યારે આવે તેવી હંમેશા ઝંખના રહેતી.





યોગીજી મહારાજનું વર્તન અને વ્હાલ તેમને સાધુ બનવા પ્રેરણા રૂપ બન્યું. સાધુ થવાની પહેલી વાત પ્રમુખસ્વામી મહારાજે ટ્રેનમાં કરેલી અને કંઠી પણ પહેરાવેલી. પ્રમુખસ્વામી મહારાજ સાથે ટ્રેનમાં મુસાફરી કરતાં શિષ્ય હોવા છતાં પણ ગુરુ પ્રમુખસ્વામી મહારાજ તેમનું ખૂબ ધ્યાન રાખતા. એક સમયે તેમને યોગીજી મહારાજે ગૃહસ્થાશ્રમ સ્વીકારવાનું પરીક્ષા ખાતર અને મોતીભાઈના કહેવાથી કહ્યું પણ તેમણે ના પાડી. અને સાધુ થવાનો અડગ નિર્ણય જણાવ્યો. ગોંડલ અક્ષરદેરીમાં તેમને યોગીબાપાએ પાર્ષદી દીક્ષા આપી વિનુભગત નામ આપેલું અને ત્યાર બાદ ૧૯૬૧માં ભાગવતી દીક્ષા આપેલી અને કેશવજીવનદાસ નામ રાખેલું. તેઓને મુંબઈ મંદિર સ્થિત સંસ્કૃત ભણતા સંતોના મુખ્ય સંત તરીકેનું કામ સોંપેલું ત્યારથી ''મહંતસ્વામી'' નામથી ઓળખાવા લાવ્યા. યોગીજી મહારાજની જીભ વળે તેમ મહંત સ્વામી મહારાજનો દેહ વળતો. યોગીબાપા તેમને નિર્જળા ઉપવાસ સતત આપતા અને પોતે જ પારણા કરાવતા હતા.

ભાવનગરમાં ઉપવાસની રાત્રે યોગીબાપા અને મહંતસ્વામીએ ગોષ્ઠી કરી. તેમાં મહંતસ્વામીની સમજણથી યોગીબાપાએ રાજી થઈને મહંતસ્વામીને ૧ લાખ ૭૮ હજાર માળાનું પુણ્ય આપ્યું. યોગીજી મહારાજ તેમના રોલ મોડલ હતા.

શાસ્ત્રમાં પાંચે વર્તમાન દ્રઢ હતા. મહંત સ્વામી મહારાજ પોતાને દાસના દાસ માને છે. તેમના જીવનમાં સ્વપ્નમાં પણ દાસભાવ રહે છે. ભગવાનને દંડવત ન થાય તો પોતે ભગવાનના ગુનેગાર માનતા. મહંત સ્વામી મહારાજ સંતોને પણ દડંવત પ્રણામ કરીને તેમની સેવા કરીને રાજી થાય છે. દેહ પ્રત્યે શત્રુભાવ રાખે છે. દરેકમાં અક્ષરમુક્તનો ભાવ જુએ છે.

પ્રવચન પછી મહંત સ્વામી મહારાજના વિડીયો દર્શનનો લાભ મળ્યો હતો. પ્રવચનને અંતે પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામીએ શ્રોતાઓના પ્રશ્નોના જવાબ સંતોષકારક આપ્યા હતા.

પ્રવચનના અંતમાં પ.ભ. ડૉ. ગૌરવ ઠક્કરે આગામી ૮૭મી પ્રવચનમાળાના 'સામાજીક સમસ્યા' વિષયમાં 'નેચરોપથી - સ્વસ્થ રહો, મસ્ત રહો' ની રૂપરેખા આપી શાબ્દિક આભાર વિધિ કરી હતી.

## સંસ્કાર ગ્રુપ દ્વારા નાતાલ પર્વ ઉજવાશે

સંસ્કાર ગ્રુપ ગાંધીનગર દ્વારા તા. ૨૫મી ડીસેમ્બર નાતાલ પર્વ નિમિત્તે વૃક્ષોની સજાવટ કરવામાં આવશે તથા વૃક્ષ પર જુદી જુદી સુશોભિત વસ્તુઓ ચીપકાવવામાં આવશે તેમજ ફુલોથી સજાવટ કરાશે.

સંતરૂપિ વૃક્ષ પરથી ખીલા ઉઘાડવામાં આવશે. બાળકોના ગ્રુપ દ્વારા વૃક્ષ ઉપરથી જુદી જુદી જગ્યાએથી ખીલાઓ કાઢવામાં આવશે. ભિની માટી લગાવવામાં આવશે. ભગવાન ઈશુ ઉપર ખીલા લગાવી તેમના પર અત્યાચાર કરવામાં આવેલો છતાં તેમણે સૌના ગુના માફ કરવા પ્રાર્થના કરતા વૃક્ષ ઉપરથી ખીલા ઉખાડીને તેનું દુઃખ કરાશે. આ પ્રવૃત્તિ ૧૪મી જાન્યુઆરી સુધી સવારે ૯ થી ૧૦.૩૦ કલાક દરમિયાન સે-૭, બીગીચો, સુવિધા કચેરી ખાતે યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર નટવરજી મફાજી, ઉ.વ. ૫૦
- સ્વ. શિવાજી કુબેરજી રાજપુત, ઉ.વ. ૭૮
- સ્વ. બાબુભાઈ મફાભાઈ દંતાણી, ઉ.વ. ૪૫